# શિવરાત્રીની - પરમાત્મા શિવના દિવ્ય અવતરણ તથા દિવ્ય કર્મનું યાદગાર પર્વ

કાળચક્ર સતત ચાલતું રહે છે. ભૂતકાળની ઘટનાઓથી ફક્ત સ્મૃતિ જ રહી જાય છે. એ સ્મૃતિને ફરી તાજી કરવા માટે યાદગારો બનાવવામાં આવે છે, કથાઓ લખવામાં આવે છે તથા જન્મ દિવસ મનાવામાં આવે છ. જેમાં શ્રધ્ધા, પ્રેમ, સ્નેહ, સદ્ભાવના સમાયેલ છે પરંતુ એક એ દિવસ પણ આવે છે કે જયારે શ્રધ્ધા અને સ્નેહનો અંત થઈ જાય છે અને રહી જાય છે ફક્ત પરંપરા. એ કહેવું અતિશયોક્તિ નહીં હોય કે આજે તહેવાર પણ તે પરંપરાને જાળવવા માટે ઉજવવામાં આવે છે. ભારત દેશ આધ્યાત્મ પ્રધાન દેશ છે. શિવરાત્રી વિશિષ્ટ પર્વોમાં મુખ્ય સ્થાન ધરાવે છે.

મહાશિવરાત્રીનું નામ જેવું મહાન છે તે રીતે આ મહાન પર્વ સમગ્ર સંસારની આત્માઓને પરમપિતા પરમાત્મા શિવની યાદ અપાવે છે. ભારત દેશમાં ભગવાન શિવના લાખો મંદિર જોવા મળે છે અને કદાચ કોઈ એવું મંદિર હશે જયાં શિવલિંગનું પ્રતિક ન હોય. કદાચ કોઈ એવો ધર્મગ્રંથ હશે જેના શિવની મહિમા ન હોય. પરંતુ સમસ્યા એ છે કે શિવના યથાર્થ પરિચયથી સર્વ મનુષ્યાત્માઓ અપરિચિત છે. ભારતના ખૂણે-ખૂણે નિરાકાર જયોતિબિંદુ શિવ પરમાત્માની પૂજા વિવિધ નામોથી કરવામાં આવે છે. જેમકે અમરનાથ, વિશ્વનાથ, સોમનાથ, બબુલનાથ, પશુપતિનાથ વિગેરે ભગવાન શિવના જ મંદિર છે. વાસ્વવમાં શ્રીકૃષ્ણ તથા મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચન્દ્રજીના આરાધ્ય પરમાત્મા શિવ જ છે. ગોપેશ્વર તથા રામેશ્વર જેવા વિશાળ શિવના મંદિર આ જ દિવસ સુધી તેના સાક્ષી છે.

શિવરાત્રી શા માટે ઉજવવામાં આવે છે ?

શિવરાત્રી નિરાકાર પરમપિતા પરમાત્મા શિવના દિવ્ય અલૌકિક જન્મનો સ્મૃતિ દિવસ છે. આપણે આ સંસારમાં કોઈને પણ જન્મોત્સવ મનાવીએ છીએ તો તેને જન્મદિવસ કહેવાય છે. પછી ભલે તેનો જન્મ દિવસના રૂપમાં થયો હોય, જન્મોત્સવને જન્મ રાત્રિ તરીકે નહીં પરંતુ જન્મ દિવસના રૂપમાં મનાવે છે. પરંતુ શિવના જન્મ દિવસને શિવરાત્રી જ કહેવાય છે. વાસ્તવમાં અહીં શિવની સાથે જોડાયેલ રાત્રિ સ્થૂળ અંધકારનું સુચક નથી. તે આધ્યાત્મિક દષ્ટિકોણથી કલ્પના અંતના સમયે વ્યાપેલ ઘોર અજ્ઞાન અને તમોપ્રધાનતાનું પ્રતિક છે. જે સમયે સૃષ્ટિ ઉપર અજ્ઞાન અંધકાર છવાયેલ હોય છે કામ, ક્રોધ વિગેરે વિકારોથી વશીભૂત માનવ દુઃખી અને અશાંત થઈ જાય છે, ધર્મ, અધર્મનું રૂપ લઈ લે છે, ભ્રષ્ટાચારની ચારે તરફ બોલબાલા હોય છે ત્યારે જ્ઞાન સૂર્ય પરમાત્મા શિવ અજ્ઞાનતા રૂપી અંધકારનો વિનાશ કરવા માટે પ્રગટ થાય છે. વિકારી, અપવિત્ર દુનિયાને નિર્વિકારી પાવન દુનિયા બનાવવી તથા કળિયુગી દુઃખધામના બદલે સતયુગ, સુખધામની સ્થાપના કરવી એ સર્વશકિતવાન પરમપિતા પરમાત્મા શિવનું જ કાર્ય છે.

પરમાત્મા અજન્મા છે અર્થાત્ અન્ય આત્માઓ માફક માતાના ગર્ભથી જન્મ નથી લેતા. તેઓ અન્યના શરીરમાં પ્રવેશ કરે છે અર્થાત સ્વયંભૂ પરમાત્મા શિવ પ્રકૃતિને વશ કરીને સાધારણ વૃધ્ધ તનનો આધાર લે છે. અને તે તનનું નામ રાખે છે. પ્રજાપિતા બ્રહ્મા તેઓ બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા રૂદ્ર જ્ઞાન યજ્ઞ રચે છે. જેમાં આખી આસુરી દુનિયા સ્વાહા થઈ જાય છે.

શિવરાત્રીનું આધ્યાત્મિક રહસ્ય :-

પરમપિતા પરમાત્મા શિવ બિંદુ રૂપ છે, આથી જ ભક્તો શિવલિંગની પૂજા કરે છે, તેના ઉપર દૂધ, અકના ફુલ, બિલિપત્ર ચઢાવે છે. અકના ફુલ ચઢાવવાનું રહસ્ય એ છે કે, પોતાના વિકારો તેમને આપી દઈ નિર્વિકારી બની પવિત્રતાના વ્રતનું પાલન કરીએ. પરમાત્મા શિવ સંસારના તમામ આત્માઓને પવિત્ર બનાવીને તેમના માર્ગદર્શક બનીને પરમધામ પાછા લઈ જાય છે આથી તેમને આશુતોષ કે ભોળાનાથ પણ કહેવાય છે. બ્રહ્મચર્ય વ્રત સાચો ઉપવાસ છે કારણકે તેના પાલનથી મનુષ્ય આત્માને પરમાત્માનું સાનિધ્ય પ્રાપ્ત થાય છે. આ રીતે રાત્રિ જાગરણ કરવાથી અવિનાશી પ્રાપ્તિ નથી થતી પરંતુ અત્યારે તો કળિયુગી રૂપી મહાશિવરાત્રી ચાલી રહી છે, જેમાં આત્માને જ્ઞાન દ્વારા જાગૃત કરવો એ સાચુ જાગરણ છે. આ આધ્યાત્મિક જાગરણ દ્વારા જ મુક્તિ-જીવનમુક્તિ મળે છે.

શિવ સર્વ આત્માઓના પરમપિતા છે :-

પરમપિતા પરમાત્મા શિવનો આ પરિચય જો સર્વ મનુષ્ય આત્માઓને આપવામાં આવે તો તમામ સંપ્રદાયોને એક સૂત્રમાં બાંધી શકાય તેમ છે, કારણકે પરમાત્મા શિવની યાદગાર શિવલિંગના રૂપમાં સર્વત્ર તમામ ધર્મો દ્વારા માન્ય છે.

મુસલમાન ભાઈઓ મૂર્તિપૂજા નથી કરતા છતાં પણ મક્કામાં સંગ–એ–અસવદ્ નામના પથ્થરને આદરપૂર્વક ચુમે છે, કારણકે તેમનો એ દૃઢ વિશ્વાસ છે કે આ ભગવાને મોકલેલ છે. આમ જો તેઓને એ ખબર પડી જાય કે ખુદા અથવા ભગવાન શિવ એક જ છે. તો બંને ધર્મોમાં ભાવાત્મક એકતા સ્થાપિત થઈ શકે તેમ છે. એ જ રીતે મૂસાએ જેહોવાનું જે વર્ણન કર્યું છે તે જ્યોતિબિંદુ પરમાત્માની જ યાદગાર છે. આ રીતે વિવિધ ધર્મો વચ્ચે મૈત્રી ભાવના સ્થાપન થઈ શકે છે.

રામેશ્વરમાં રામના ઈશ્વર શિવ, વૃંદાવનમાં શ્રીકૃષ્ણના ઈષ્ટ ગોપેશ્વર શિવના ચિત્રોથી સ્પષ્ટ છે કે સર્વ આત્માઓના આરાધ્ય પરમપિતા પરમાત્મા શિવ જ છે. શિવરાત્રીનો તહેવાર સર્વ ધર્મનો તહેવાર છે તથા ધર્મવાળા માટે ભારત તીર્થ સ્થાન છે. જો આ રીતે પરમાત્માનો યથાર્થ પરિચય આપવામાં આવે તો વિશ્વનો ઈતિહાસ અલગ હોત તથા સામ્પ્રદાયિક ઝઘડા, ધાર્મિક મતભેદ, રંગભેદ, જાતિભેદ વિગેરે ન હોત. ચારે તરફ ભાઈચારાની ભાવના હોત. આજે ફરી એ પળ છે, એ દશા છે, એ જ રાત છે, જયારે માનવ સમાજ પતનની ટોચ સુધી પહોંચી ચૂક્યો છે. આવા સમયે કલ્પની મહાનથી મહાન ઘટના તથા દિવ્ય સંદેશ સંભળાવતા અમને ખૂબ ખુશી થઈ રહી છે કે કળિયુગના અંત અને સતયુગની શરૂઆતના આ સંગમયુગમાં જ્ઞાનસાગર પ્રેમ તથા કરૂણાના સાગર પતિત–પાવન, સ્વયંભૂ પરમાત્મા શિવ આપણે મનુષ્ય આત્માઓની બુઝાઈ ગયેલ જ્યોતિ જગાવવા માટે અવતરિત થઈ ચૂક્યા છે. તેઓ સાકાર પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા સહજ જ્ઞાન તથા સહજ રાજયોગના શિક્ષણ દ્વારા વિકારોના બંધનથી મુક્ત કરી નિર્વિકારી પાવન દેવપદની પ્રાપ્તિ કરાવી દૈવી સ્વરાજયની ફરીથી સ્થાપના કરાવી રહ્યા છે. આ માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સમગ્ર વિશ્વમાં ૧૨૦ દેશોમાં પોતાના ૮૦૦૦થી વધુ સેવાકેન્દ્રોના માધ્યમ દ્વારા ૭૩મી શિવરાત્રીનું પાવન પર્વ ખૂબ ધામધૂમથી ઉજવી રહેલ છે. આવો, આપણે સૌ તેમાં ભાગ લઈ, નિર્વિકારી બનવાની પ્રતિજ્ઞા કરીએ.

- ब्रह्माकुमारीज् वार्ता फिचर्स

www.bkvarta.com